## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




ભલે બેંક 'યસ'માંથી 'નો' થઈ ગઈ પરંતુ અહીં પૈસા લેવા ભીડ કરવી નહીં... ખબર છે ને કોરોના વાઈરસ આવ્યો છે... પૈસા કરતાં જીવ કિંમતી હોય છે...!!

## વાત-વાતમાં.....

- એક તરફ વિશ્વમાં કોરોના વાઈરસને પગલે દહેશતનો માહોલ સર્જાયો છે તો બીજી તરફ ગાંધીનગરના શેરબજારના કેલાડીઓમાં પણ કોરોનાને પગલે અવઢવની સ્થિતિ જોવા મળી રહી છે. શહેરના રોકાણકારો હાલ આ સ્થિતિમાં પોતાના રોકાણોને અનુલક્ષીને ચિંતાતુર બનવા પામ્યાં છે.
- થોડા દિવસ પહેલા 'ક' રોડ પર બપોરના સમયે એક્ટિવા ડિવાઈડર સાથે અથડાવાને પગલે વાવોલની ૧૯ વર્ષીય આશાસ્પદ તરૂણીનુ કરૂણ અવસાન નીપજ્યું હતુ. આ ઘટનામાં હવે યુવતિના સ્કૂટરને કોઈ રીક્ષા કે અન્ય વાહનની ટક્કક વાગી હોવાની વાતો વાવોલની સોસાયટીઓમાં ચર્ચાઈ રહી છે જેને પગલે પોલીસ દ્વારા સઘન તપાસ કરાય અને કોઈ દોષિત હોય તો તેને ઝડપવામાં આવે તેવો સૂર આ વિસ્તારના રહીશોમાં પ્રવર્તી રહ્યો હોવાનું જાણવા મળ્યું છે.
- એક તરફ સરકાર દ્વારા કોરોના વાઈરસના ખતરાને પગલે નાગરિકોને મોટી સંખ્યામાં એકઠાં થવાનું ટાળવાની સલાહ આપવામાં આવી રહી છે ત્યારે બીજી તરફ વિધાનસભામાં શુક્રવારે પણ મોટી સંખ્યામાં ગ્રામીણ મહિલાઓ અને વિદ્યાર્થીઓ જોવા મળ્યા હતા. આ મુલાકાતીઓ પૈકી મહિલાઓના એક ગૃપ દ્વારા ફેસમાસ્ક ધારણ કરવામાં આવ્યા હતા.

## ''કોરોના'' સહિતના વાઈરસ સામે લડવા આયુર્વેદિક ઉકાળાનું નિઃશુલ્ક વિતરણ

''કોરોના'' વાઈરસને પગલે રાજ્યભરમાં ચિંતાનું મોજુ પ્રસરી વળ્યું છે અને બીજી તરફ શહેરના વાતાવરણમાં પણ કમોસમી વરસાદ સાથે પલ્ટો આવતાં વાઈરલ બિમારીઓનું જોર વધે તેવી શક્યતાઓ સર્જાવા પામી છે. આ સ્થિતિમાં કોરોના સહિતના વાઈરસ સામે રક્ષણ મળે તે હેતુથી શહેરની સેક્ટર-૨૨ ખાતેની સરકારી આયુર્વેદ હોસ્પિટલ ખાતે સવારે ૮.૩૦ થી ૧૨.૩૦ના સમયગાળામાં જ્યારે નવા સચિવાલયમાં બ્લોક નં. ૬ના ભોયતળીયે સવારે ૧૦.૩૦ થી ૧૨.૩૦ દરમ્યાન રોગપ્રતિકારક આયુર્વેદિક ઉકાળાના નિઃશુલ્ક વિતરણનું આયોજન કરવામાં આવ્યુ છે. જે તા. ૭મી માર્ચથી શરૂ થઈ જશે તેવુ સે. ૨૨ની સરકારી આયુર્વેદ હોસ્પિટલના વૈદ્ય પંચકર્મ ડૉ. રાકેશભાઈ ભટ્ટ દ્વારા જણાવવામાં આવ્યુ છે.

# લીમ્બડીયામાંથી સરકારી અનાજ સગેવગે કરતુ ગોડાઉન પકડાયુ

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર તાલુકાના લીમ્બડિયા ગામેથી સરકારી અનાજ સગેવગે કરવા માટે ઉભુ કરાયેલ ગોડાઉન એલ.સી.બી.ની ટીમ તેમજ મામલતદાર કચેરી દ્વારા સંયુક્ત ઓપરેશન દરમ્યાન પકડી પાડવામાં આવેલ છે.

મળતી વિગતો પ્રમાણે ટીમે ૮૦૩ કટ્ટા ઘઉં, ચોખાના ૧૯૫ કટ્ટા, ચણાદાળ ૨૩ કટ્ટા, ખાંડ ૫ કટ્ટા સરકારી ખાલી બારદાનના ૭૦૦ નંગ, પ્લાસ્ટીકની બેગ આશરે ૧૨૦૦ નંગ મળી આવેલ છે. જેની કિંમત અંદાજે રૂ. અગિયાર લાખથી વધુ થવા જાય છે. આ ઉપરાંત ૩ લાખની કિંમતનું ડાલુ પણ સીઝ કરવામાં આવેલ છે.

પોલીસે મામલતદારની સૂચના અનુસાર પંચનામુ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે. આ બાબતે જિલ્લા પુરવઠાતંત્રએ પણ તપાસ હાથ ધરી છે.

મળતી વિગતો પ્રમાણે તંત્રની તપાસ દરમ્યાન કેટલાક કટ્ટાઓ પર સ્ટેટ ઓફ હરિયાણા, સ્ટેટ ઓફ પંજાબ તથા એફ.સી.આઈ.ના જણાતાં આ જથ્થો સરકારી અનાજનો હોવાથી તંત્રએ તાબડતોબ તપાસની ગતિ વધારી દીધી છે. મામલતદાર કચેરી અને જિલ્લા પુરવઠા તંત્ર દ્વારા આ અંગેની તપાસ સઘન રીતે હાથ ધરવામાં આવી છે. આ ઉપરાંત પોલીસે પણ તેની તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

# ગુજરાતની સદ્‌ભાવના અને કોમી એકતા કોઈ તોડી નહીં શકે

### વિધાનસભાની મુલાકાતે તળાજાથી આવેલા બે વિધર્મી મિત્રોની કેફિયત

ગાંધીનગર, તા. ૬

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી ગુજરાતમાં જન્મ્યા હતા માત્ર એટલાં માટે જ ગુજરાતને ''ગાંધીનું ગુજરાત'' તરીકે નથી ઓળખવામાં આવતુ પરંતુ આ રાજ્યની તાસીર હંમેશા સદ્‌ભાવના અને શાંતિની રહી છે. આજે ભલે દેશભરમાં સીએએને મુદ્દે કોમવાદનું ઝેર ફેલાઈ રહ્યું હોય કે ત્રાસવાદીઓ દ્વારા રાજ્યમાં કોમી શાંતિ ભંગ કરવાની ધમકીઓ આપવામાં આવતી હોય પરંતુ આ રાજ્યની પ્રજા ધર્મ-કોમ વગેરેને એક બાજુ રાખી સદ્‌ભાવના સાથે હળીમળીને જીવી રહી છે જેને કોઈ અલગ નહી કરી શકે તે બાબતમી પ્રતિતિ વિધાનસભાની મુલાકાતે આવેલા બે યુવાનોએ કરાવી હતી.



આજે વિધાનસભા સંકુલમાં બે યુવાનો ફરતાં હતા જેમણે બધાનું ધ્યાન ખેંચ્યુ હતુ કેમકે બે માથી એક યુવાને પોતાના કપાળમાં ત્રિમુંડ તિલક કરેલુ હતુ જ્યારે બીજા યુવાને માથે જાળીવાળી ટોપી ધારણ કરવા સાથે દાઢી મુછ રાખેલા હતા. આ બંને યુવાનો ભાવનગર જિલ્લાના તળાજાથી આવ્યાં હતા. જેમાં તિલકધારીનું નામ દિગંદ ભટ્ટ અને ટોપીધારીનું નામ શોએબખાન પઠાણ છે. હિન્દુ-મુસ્લિમ એકતાનો પ્રચાર કરવા આવ્યાં હોય તેમ સાથે સાથે ફરતા બંને મિત્રો વિધાનસભાની કાર્યવાહી જોવા ઉપરાંત પોતાના મત વિસ્તારના ધારાસભ્ય કનુભાઈ બારૈયાને મળી તળાજામાં સ્પોર્ટસ સંકુલ તથા જીઆઈડીસી વિકસાવવા તથા નજીકના અલંગ શીપ બ્રેકીંગ પાર્ક ખાતે દવાખાનાની સુવિધા નથી તે શરૂ કરવાની રજુઆત કરવા આવ્યાં હતા. બંને મિત્રોને પોતાની વતન તળાજા પ્રત્યે અનહદ લાગણી છે અને સમાજસેવા સાથે સંકળાયેલા આ બંને યુવાનો માને છે કે ''ધર્મ પછી આવે છે, મિત્રતા પહેલા મહત્વની છે,'' સ્વામી વિવેકાનંદની વિચારધારાથી પ્રેરિત બંને મિત્રો પૈકી શોએબખાન પઠાણ તળાજા માર્કેટ યાર્ડમાં શાકભાજી-ફળફળાદિનો હોલસેલ બીઝનેસ કરે છે તેમજ સ્થાનિક કોર્પોરેટર પણ છે જ્યારે દિગંત ભટ્ટ ભાવનગર ડિસ્ટ્રીક્ટ બેંકમાં એકાઉન્ટન્ટ છે. થોડા સમય અગાઉ તળાજાના ગોપનાથ રોડ પર લાટી બજાર બાબતે સરકારી હુકમથી બે સામસામેના પ્લોટ અલગ અલગ ભાવથી વેચાવાના મુદ્દે તેની મૂલ્યાંકન પ્રક્રિયામાં મહેસુલ વિભાગના નાયબ સચિવની ખોટી સહી કોઈએ કરી હોવાના કેસમાં સેક્ટર-૭ પોલીસ સ્ટેશને જુબાની આપવા દિગંત ભટ્ટને જુબાની આપવા આવવાનુ હોવાથી બંને મિત્રો તે સાથે વિધાનસભા મુલાકાત અને મંત્રીને રજૂઆત કરવા જેવા અન્ય કામો લઈને ગાંધીનગર આવ્યાં હતા તેવું દિગંત ભટ્ટે જણાવ્યું હતું અને રાજ્યની એકતા કોઈ તોડી નહી શકે તેવો દાવો તેમણે કર્યો હતો.




ચ-૩ના સર્કલ પર લગાવેલુ વિશાળ પૂતળુ સૌના આકર્ષણનુ કેન્દ્ર બન્યુ છે. બાળકો તો ખાસ અહી ઉભા રહી આ પ્રતિકૃતિ નિહાળે છે. સૂકો અને ભીનો કચરો અલગ રાખવાની ભલામણ કરતો આ ટેબ્લો 'સ્વચ્છ ભારત'નો સંદેશ આપી રહ્યો છે.

## સે. ૨૫ જી.આઈ.ડી.સી.માં પશુ પકડતી ટીમ પર હુમલો

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર સેક્ટર-૨૫માં જી.આઈ.ડી.સી.માં મનપાની પશુ પકડનારી ટીમ પર આજે હુમલો થયાની ઘટના સામે આવી છે.

મળતી વિગતો મુજબ આ ઘટનામાં ટીમે પકડેલ પશુઓને આ ટોળુ છોડાવી ગયુ છે. તંત્રએ આ બાબતને ગંભીરતાથી લઈ અને પોલીસ કાર્યવાહી કરવાની કામગીરીનો નિર્ણય લઈ લીધો છે.

જો કે કેટલા પશુઓ ટીમ પાસેથી છોડાવી ગયા તે અંગેની ચોક્કસ વિગતો જાણવા મળી નથી.

ગાંધીનગર મનપામાં છેલ્લા કેટલા દિવસથી રખડતા પશુઓની સમસ્યાને લઈ આવા પશુઓને પકડવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. આ ટીમ સાથે એસ.આર.પી.ના જવાનો પણ હતા.

## આજે બ્રહ્માકુમારીઝ સે-૨૮ ખાતે કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા.૬

આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે દર વર્ષે પ્રજાપિતા બ્રહ્માકુમારીઝ ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય દ્વારા વિશેષ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. જેમાં મહિલાઓના પ્રશ્નો, તકલીફો, હાલાકી, બદીઓ પર ચર્ચા વિચારણા કરી તેનું સમાધાન લાવવાના અથાગ પ્રયત્નો કરવામાં આવે છે.

જે અંતર્ગત ૭ માર્ચના રોજ બપોરે ૩ થી ૫ દરમિયાન સે-૨૮ સ્થિત બ્રહ્માકુમારીઝ શિવ શકિત ભવન પીસપાર્કના હોલ ખાતે બ્રહ્માકુમારીઝ મહિલા પાંખ દ્વારા કૈલાશદીદીના અધ્યક્ષસ્થાને કાર્યક્રમ યોજાશે. જેમાં સિનિયર સિટીઝનના ટ્રસ્ટી, જયોતિ મહિલા મંડળના ઉપપ્રમુખ અને ભરૂચ જિલ્લાના મહિલા કન્વીનર મીનાબેન શાહ દ્વારા વિવિધ રેસીપીના ડેમો આપવામાં આવશે. જેમાં વિવિધ મુખવાસ, શરબત, મસાલા અને અથાણા બનાવવાની રેસીપીનો સવિસ્તાર તથા લાઈવ ડેમો આપવામાં આવશે. ત્યારબાદ કૈલાસદીદી દ્વારા આશીર્વચન આપવામાં આવશે. આ કાર્યક્રમમાં ગાંધીનગર મહાનગર પાલિકાના કોર્પોરેટર હર્ષાબા ધાંધલ ખાસ ઉપસ્થિત રહેશે.



## ખૂણેખાંચરેથી


- ગાંધીનગર શહેરના જાણીતા મંડપ ડેકોરેટર્સ ''અભય''ના યુસુફભાઈ મનસુરી વાહન પરથી પડી જતા તેમને હાથે ફેક્ચર થયુ છે.
- વ્યક્તીગત શૌચાલયના કામોની દેખરેખ માટે અધિક વિકાસ કમિશ્નર સુશ્રી ભાર્ગવી દવે આજે ગાંધીનગરના પ્રવાસે આવી રહ્યા છે.
- સિંચાઈ વિભાગમાં બે નાયબ કાર્યપાલક ઈજનેર સંવર્ગના અધિકારીઓએ તેમની નવી જગ્યાનો ચાર્જ સંભાળી લીધો છે.
- જિલ્લા કલેક્ટર ડૉ. કુલદીપ આર્યએ કોરોના વાયરસ અંગે આરોગ્ય સહિત વિવિધ સંકલિત વિભાગોએ કરેલી તૈયારીઓની સમીક્ષા માટે શનિવારે સાંજે પાંચ વાગે ખાસ બેઠક બોલાવી છે.
- કલેક્ટર કચેરીમાં આજે આરોગ્ય વિભાગની અર્ધો ડઝન જેટલી સમીક્ષા બેઠક હતી પરંતુ કલેક્ટર બહાર હોવાથી આ બેઠકો જિલ્લા વિકાસ અધિકારીની અધ્યક્ષતામાં યોજાઈ હતી.
- જિલ્લા કોંગ્રેસની આજે મળેલ કારોબારી બેઠકને અંતે થેપલા અને દહીનો નાસ્તો તમામ કાર્યકરોને પિરસાયો હતો. જો કે રાજ્યના સહપ્રભારી આ બેઠકમાં નિયત સમય કરતાં મોડા આવ્યા હતા.
- જિલ્લાતંત્ર દ્વારા મહિલા દિનની ઉજવણી સરકાર તરફથી મળેલ સૂચનાઓ પછી મુલ્તવી રાખવાનો નિર્ણય કર્યો છે.


આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ
ગુજરાત સરકાર
સત્યમેવ જયતે

કોરોના વાયરસ સંક્રમણ ને ઘટાડો
નીચેના સરળ ઉપાયોથી

NATIONAL HEALTH MISSION
राष्ट्रीय स्वास्थ्य मिशन

કોરોના વાયરસ એક નવી બીમારી છે જે આજકાલ વિદેશ માં ફેલાઈ રહી છે અને અન્ય બીજા દેશોને પણ અસર કરી રહી છે.
આ એક ફ્લૂ જેવી બીમારી છે, જેના લક્ષણ નીચે પ્રમાણે હોય છે.




જો તાવ, ઉધરસ કે શ્વાસ લેવામાં તકલીફ જણાય તો તુરંત સરકારી દવાખાનાનો સંપર્ક કરવો.

હેલ્થ હેલ્પલાઈન નંબર - 104

કન્ટ્રોલ રૂમ 24 x 7 079 232 50818 079 232 51900

સાવચેત રહો ! સુરક્ષિત રહો !

www.gujhealth.gujarat.gov.in | www.nhm.gujarat.gov.in | www.ncdc.gov.in

કોરોના વાયરસથી બચો.